# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૬ તા.૧૯-૧૧-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, પરિપત્ર નં.૧૬-F/તા.૮-૬-૧૮ મુજબ દિવાળી વેકેશન તા.૧૨-૧૧-૧૮ થી તા.૨૫-૧૧-૧૮ સુધી રાખવામાં આવેલ હતું પરંતુ ગુજરાત સરકારે નવરાત્રી વેકેશન ડીકલેર કરતા દિવાળી વેકેશન ટુંકાવી તા.૧૭-૧૧-૧૮ સુધી રાખેલ છે. તેથી ઈદે-મિલાદ અને ગુરૂનાનક જયંતિની રજાઓ અનુક્રમે તા.૨૧-૧૧-૧૮ ને બુધવાર તથા તા.૨૩-૧૧-૧૮ ને શુક્રવારના રોજ જાહેર રજા રાખવામાં આવે છે. જેની નોંધ શાળા સ્ટાફ તથા વિદ્યાર્થીઓને કરવાની રહેશે.

નેશનલ કાઉન્સીલ ઓફ એજયુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ (NCERT) ન્યુ દિલ્હી દ્વારા આયોજિત **'બાળકો માટેનું ૪૫ મું જવાહરલાલ નહેરુ નેશનલ સાયન્સ, મેથેમેટિકસ એન્ડ એનવાયરમેન્ટ એકસીબીશન'**(JNNSMEE) તા.૨૩ થી ૨૮ નવેમ્બર-૨૦૧૮ દરમ્યાન શ્રી સરદાર પટેલ સ્ટેડિયમ,નવરંગપુરા,અમદાવાદ ખાતે યોજાનાર છે. આ પ્રદર્શન એન.સી.ઈ.આર.ટી.,ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ અને મ્યુનિ. કોર્પોરેશન અમદાવાદ તથા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજાનાર છે.તા.૨૩-૧૧-૧૮ના રોજ નેશનલ સાયન્સ ફેર-૨૦૧૮ના શુભારંભ નિમિત્તે તમામ ઉચ્ચ પ્રાથમિક શાળાના તમામે તમામ મુખ્ય શિક્ષક તથા શિક્ષકશ્રીઓએ સવારે ૭-૩૦ કલાકે બિનચૂક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. ઉપસ્થિત રહેનાર શિક્ષકશ્રીઓની નામની યાદી જે-તે બિટ સુપરવાઈઝરશ્રીને તા.૨૦-૧૧-૧૮ના રોજ સાંજે ૬-૦૦ કલાક સુધીમાં ઈ-મેઈલથી કરવાની રહેશે. આ ઉપરાંત ધો.૧ થી ૫ના જે શિક્ષકોને જે-તે બિટ સુપરવાઈઝરશ્રી જણાવે તે મુજબ ઉપસ્થિત રહેવાનું રહેશે.

ગુજરાત રાજયમાં ૨૦ વર્ષ બાદ અમદાવાદ શહેરમાં આ પ્રકારનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શન યોજાતું હોઈ આ પ્રદર્શનનો લાભ મ્યુનિ. સ્કૂલ બોર્ડના શિક્ષકો મેળવે અને તેનો ઈનોવેટીવ લાભ બાળકો સુધી પહોંચે તે ખુબ જ જરૂરી છે. આથી મ્યુનિ. સ્કૂલ બોર્ડના ધો.૧ અને ૨ના તમામ શિક્ષકોએ તા.૨૪-૧૧-૧૮, ધો.૩ના શિક્ષકોએ તા.૨૫-૧૧-૧૮ , ધો.૪ના શિક્ષકોએ તા.૨૬-૧૧-૧૮ તથા ધો.૫ના શિક્ષકોએ તા.૨૭-૧૧-૧૮ ના રોજ મુલાકાત લઈ પ્રદર્શનમા રજૂ થયેલ કૃતિઓ તેમજ તે પૈકી તમોને વધારે પસંદ આવેલ શ્રેષ્ઠ કૃતિ વિષે આશરે ૨૦૦ શબ્દોમાં એ-૪ સાઈઝના કાગળમાં સંસ્મરણો સ્વરૂપે લેખિતમાં અહેવાલ જે-તે બિટ સુપરવાઈઝરશ્રીને દિન-૭માં રજૂ કરવા જણાવવામાં આવે છે. તેવી જ રીતે ધો.૬ થી ૮ના તમામ શિક્ષકો અને ધો.૧ થી ૮ના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ પણ પ્રદર્શનની મુલાકાત લઈ એ-૪ સાઈઝના કાગળમાં ૨૦૦ શબ્દોનો મુલાકાત અહેવાલ લઈ શ્રેષ્ઠ કૃતિ અંગેના અભિપ્રાય સાથે તે જ દિવસે એટલે કે ૨૩-૧૧-૧૮ના રોજ બિટ સુપરવાઈઝરશ્રીઓએ આ અહેવાલ પૈકી શ્રેષ્ઠ ૫ અહેવાલની પસંદગી કરી દિન-૧૦માં મુખ્ય ઓફિસે મોકલી આપવાના રહેશે. આ અહેવાલો પૈકી શહેરકક્ષાએ શ્રેષ્ઠ પાંચ અહેવાલની પસંદગી કરી તેઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

સદરહુ પ્રદર્શનની મુલાકાત સમયે શાળાના શૈક્ષણિક કાર્યને બાધ ન આવે તે પ્રમાણે આયોજન કરવું.

તા.૧૯-૧૧-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૬-A તા.૧૯-૧૧-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક તથા ઉચ્ચત્તર પ્રાથમિક શાળાના શિક્ષકશ્રીઓ અને અભ્યાસ કરતા બાળકોની ઓનલાઈન હાજરી અપલોડ કરવા બાબત.

સંદર્ભ :- માન. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરની સૂચના

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે માન.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી ગાંધીનગરની મળેલ સુચના મુજબ તા.૧૯/૧૧/૨૦૧૮થી શરુ થતા નવા સત્રથી રાજ્યની તમામ સરકારી પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના શિક્ષકશ્રીઓ અને અભ્યાસ કરતા બાળકોની ઓનલાઇન હાજરી અપલોડ કરવાની થાય છે. તો તે મુજબ આપણા નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની તમામ પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓએ તેનો ચુસ્ત અમલ કરવાનો રહેશે.

આ માટે તમામ શાળાએ પોતાના શાળાના આધાર ડાયસ ચાઇલ્ડ ટ્રેકીંગ સિસ્ટમમાં http://13.232.55.194/ssachildtraking/CTELogin.aspx#થી આધાર ડાયસ પોટલ દ્વારા આપની શાળાનો USER અને PASSWORD થી LOGIN થઇને દરેક શાળાએ તમામ શિક્ષકશ્રીઓ અને અભ્યાસ કરતા બાળકોના નામ ની સામે નિયમિત રોજે રોજ શાળા ખુલ્યાની ૩૦ મિનીટમાં જ ઓનલાઇન હાજરી અપલોડ કરવાની રહેશે.

ઓનલાઇન હાજરી અપલોડ અંતર્ગતની માર્ગદશીકા આ સાથે સામેલ છે. ટેકનીકલ પ્રોબ્લેમ માટે મુખ્ય શિક્ષકશ્રીઓએ નીચે દર્શાવેલ જે તે ઝોનના ડેટાઓપરેટરનો ઑફીસ સમય (૧૦:૩૦ થી ૬:૦૦)માં સપર્ક કરવાનો રહેશે.

| ઝોન | વોર્ડ નામ | નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ઉત્તર | ઠક્કરબાપાનગર,નરોડા,મુઠિયા,નરોડા,સરસપુર,સરદારનગર, ઈન્ડિયાકોલોની,કુબેરનગર. | ઝીનલબેનચૌહાણ | ૭૬૦૦૫૯૪૭૯૯<br>૯૫૧૨૦૦૯૪૭૭ |
| દક્ષિણ | લાંભા,કાંકરીયા,વટવા,બહેરામપુરા,દાણીલીમડા,હાથીજણ,મણીનગર, નારોલ,ઇસનપુર. | રચનાબેન મહેતા | ૯૪૦૮૮૭૨૪૯૭<br>૯૦૯૯૧૦૧૩૯ |
| પૂર્વ | કાલુપુર,અમરાઇવાડી,ઓઢવ,રાજપુર,બાપુનગર,ખોખરા. | શ્રધાબેન રાઠોડ | ૯૭૧૪૭૬૪૦૯૦ |
| પશ્ચિમ | વાસણા,નારણપુરા,એલિસબ્રીજ,સાબરમતી,નવાવાડજ. | લતાબેન યાદવ | ૯૭૧૨૯૬૫૮૦૨ |
| મધ્ય | અસારવા,જમાલપુર,ખાડિયા,શાહપુર,દરીયાપુર, દૂધેશ્વર, ગિરધરનગર. | સોનલબેનસંઘાણી<br>સ્વીટીબેન સોની<br>વિજય રાઠોડ | ૮૯૮૦૦૧૪૨૬૮<br>૯૪૨૮૨૬૭૩૧૯<br>૯૭૧૨૯૬૩૭૦૧ |
| હિન્દી ઉર્દૂ | તમામ હિન્દી ઉર્દૂ મ્યુનિ પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ | | |

તા. ૧૯-૧૧-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


Aadhaar Enabled DISE
Gujarat Council of Elementary Education
Sarva Shiksha Abhiyan
Govt. of Gujarat

Learning Outcome Based
CHILD
Tracking System


# Student & Teacher Attendance User Manual

## Step-1: Login Page

- સૌ પ્રથમ [http://13.232.55.194/ssachildtracking/CTELogin.aspx#](http://13.232.55.194/ssachildtracking/CTELogin.aspx#) થી આધાર ડાયસ પોર્ટલ દ્વારા આપની શાળાનો USER અને PASSWORD થી LOGIN કરો.





## Step-2: School Dashboard





- Schoolનું લોગીન કરતા ઉપર સ્ક્રીન મુજબ ડેશબોર્ડ જોવા મળશે.


## Step-3: Attendance Tab

- ત્યાર બાદ ડાબી બાજુના **Attendance Tab** ઉપર ક્લીક કરો જ્યાં આપને **Student Attendance, Teacher Attendance, Student Attendance View, Teacher Attendance View** જેવા **Option** દેખાશે.








## Step-4: Student Attendance Tab




- Student Attendance માં આપને નીચે મુજબ Screen દેખાશે જેમાં આપે Class (ધોરણ) અને Section (વર્ગ) Select કરવાનું છે
- ત્યારબાદ હાજરી ની તારીખ (Date) Select કરી Search ઉપર ક્લીક કરતા તમામ વિદ્યાર્થીઓ ના નામ દેખાશે.
- જેમાં તમામ ની સામે બાય ડીફોલ્ટ Present (હાજર) હશે,
- જેમાં આપે માત્ર ગેરહાજર બાળકો સામે Absent આપી અને ડેટા Save કરવાનો રહેશે.

## Step-5: Teacher Attendance Tab




- Teacher Attendanceમાં આપે સૌ પ્રથમ તારીખ (Date) Select કરી GO બટન પ્રેસ કરવાનું રહેશે.
- શાળાના આચાર્ય એ પોતાની શાળાના તમામ ટીચર ડેશબોર્ડમાં આવી ગયેલ છે તે ચકાસી લેવાના રહેશે.

- Teacher Attendanceમાં **Present, Absent, On duty , Half Leave, Full Leave, In Training** જેવા ઓપ્શન માંથી કોઇ એક ઓપ્શન સિલેક્ટ કરવાનો રહેશે.
- તમામ ટીચર સામે ડીફોલ્ટ **"Present"** હશે. જે ટીચર ગેરહાજર હોય તો તેને અપડેટ કરી **"Save"** બટન પ્રેસ કરી હાજરી નો ડેટા સેવ કરવાનો રહેશે.

## ઓનલાઇન એપમાં શિક્ષક ગેરહાજરી માટે દર્શાવવાનાં કોડ્સ

| NO. | CODE | INSTRUCTION |
|---|---|---|
| 1 | CL | **CASUAL LEAVE** (પરચુરણ રજા) |
| 2 | HCL | **HALF OF CASUAL LEAVE** (અડધી કે રજા) |
| 3 | CML | **COMUNITY LEAVE** (અર્ધપગારી રજા) |
| 4 | MDL | **MEDICAL LEAVE** (મેડિકલ રજા) |
| 5 | ML | **MATERNITY LEAVE** (પ્રસુતિની રજા) |
| 6 | PL | **PATERNITY LEAVE** (પિતૃત્વ રજા) |
| 7 | DL | **DEDUCTIONS LEAVE** (કપાત રજા) |
| 8 | EL | **EARNED LEAVE** (પ્રાપ્ત રજા) (અન્ય કામગીરીની **BLO, ELECTION ETC**.) |
| 9 | CPSL | **COMPENSATION LEAVE** (વળતર રજા) |
| 10 | LL | **LONG LEAVE** (લાંબી રજા પર) |
| 11 | OL | **OPTIONAL LEAVE** (મરજીયાત રજા) |
| 12 | LWP | **LEAVE WITHOUT PAY** (બિન-પગારી રજા) |
| 13 | SPL | **SPECIAL LEAVE** (ખાસ રજા) વિદ્યાસહાયકો માટે |
| 14 | BT | **BRC TALIM** (બ્લોક કક્ષાની તાલીમમાં) |
| 15 | CT | **CRC TALIM** (ક્લસ્ટર કક્ષાની તાલીમાં) |
| 16 | DT | **DIET TALIM** (ડાયેટ તાલીમમાં) |
| 17 | OT | **OTHERS TALIM** (અન્ય તાલીમ) |
| 18 | OWP-..... | **OTHER WORK POSTED** (અન્ય કામગીરીમાં મુકાયેલ હોય તો આ મુજબ કોડ લખવો - **OWP-BRC, OWP-CRC, OWP-BLO, OWP-E (ELECTION WORK), OWP-OSC (OTHER SCHOOL CHARGE)** આ સિવાય અન્ય કામગીરી આવતી હોય તો OWP-.... પછી કામગીરીનો પ્રકાર અંગ્રેજીમાં લખવો. |
| 19 | LH | **LOCAL HOLIDAY** જ્યારે શાળામાં **સ્થાનિક રજા** હોય ત્યારે વિદ્યાર્થીના જી.આર.ના ખાનામાં "0" લખી અને "Notes" ના ખાનામાં "LH" લખવું. |